


NHAIના બેજવાબદાર અધિકારીઓના પાપે નેત્રંગ પંથકના મોવીથી કવચીયા સુધીના રસ્તાની હાલત બદતર, ક્યા ખાડાથી બચીને ગાડી કાઢી શકાય એ વિચારવા વાહનચાલકો મજબૂર

# કમર તૂટે એવી 'ગેરંટી'

**ભરૂચ** જિલ્લા સાંસદે ગડકરીને બે-બે વખત લેખિત રજૂઆત કરવા છતાં કોઈ હલ નહીં

**ડબલ** એન્જિનની સરકારમાં ખુદ સાંસદે લેખિત ફરિયાદ કરવી પડે છે! આવો વિકાસ!



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ કેન્દ્ર સરકારના તાબા હેઠળ આવેલી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઇ) વિભાગની રાજપીપળા ખાતે આવેલી કચેરીના તાબા હેઠળ નેત્રંગ તાલુકાના મોવીથી લઈને કવચીયા સુધીના તેમજ નેત્રંગથી લઈને ડેડિયાપાડા સુધીના રોડ રસ્તાની જવાબદારી આ વિભાગ પાસે છે. પરંતુ હાલમાં વાહનચાલકોની કમર તૂટી જાય કે કોઈનો જીવ જાય એવા જીવલેણ ખાડા પડી ગયા છે. ત્યારે પ્રજા માટે ચૂંટણી ટાણે મત માંગવા આવતા નેતાઓ પ્રજાની મુશ્કેલી હલ કરવા કેમ આગળ આવતા નથી એ સવાલ પ્રજામાં ઊઠી રહ્યો છે.

ભરૂચ જિલ્લામાં ચોમાસું આ વર્ષે પણ આફત બની આવ્યું છે. ઠેર ઠેર રસ્તા સાફ થઈ ગયા છે. મોટા મોટા ખાડા પડી જતાં કયા ખાડાથી બચીને ગાડી કાઢી શકાય એ વિચારવા વાહનચાલકો મજબૂર બની ગયા છે. જો નીકળી ગયા તો ભયોભયો. મોવીથી કવચીયા સુધીના રસ્તાની આવી જ હાલત છે. રાજપીપળા કચેરીમાં બેઠેલા જવાબદાર અધિકારીઓની લાપરવાહીના કારણે મોવીથી કવચીયા સુધી સતત બીજા વરસે ચોમાસાની સિઝનમાં જીવલેણ ખાડા પડવા છતાં તેને પૂરવાની દરકાર લેવામાં નહીં આવતાં બે-ત્રણ ફૂટ ઊંડા ખાડાવાળો રસ્તો થઈ ગયો છે. જેના કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓથી લઈ રોજેરોજ અપડાઉન કરતા લોકો સહિત આમ રાહદારીઓ પરેશાન થઈ તોબા પોકારી ઊઠ્યા છે. આ સંજોગોમાં ભરૂચ જિલ્લા સાંસદ મનસુખ વસાવા પ્રસંગોપાત રાજપીપળાથી નેત્રંગ વિભાગમાં તેમજ જિલ્લામાં પ્રવાસ કરતા હોવાથી રોડ રસ્તાથી પરેશાન થતી પ્રજાની તકલીફોને ધ્યાન લેતા હોય છે. જ્યારે તંત્રમાં બેઠેલા અધિકારીઓ જાડી ચામડીના અને બેજવાબદાર હોવાના કારણે ભરૂચ જિલ્લા સાંસદ મનસુખ વસાવા તેમજ જંબુસરના ધારાસભ્ય ડી.કે.સ્વામીએ જુલાઈ માસમાં દિલ્હી ખાતે પરિવહન મંત્રી નીતિન ગડકરીને રૂબરૂ લેખિતમાં રજૂઆત કરી હતી. ત્યારબાદ તા.૨૬ ઓગસ્ટે નીતિન ગડકરીને બીજી વખત સાંસદ મનસુખ વસાવાએ હિન્દી ભાષામાં લેખિત ફરિયાદ કરવા છતાં પણ તંત્રમાં બેઠેલા જવાબદાર અધિકારીઓના પેટનું પાણી પણ હાલતું નથી.

## વરેલી પાસેથી મોબાઈલ અને કોપર ચોરીનો આરોપી ઝડપાયો

પલસાણાઃ વરેલીના મેલડી માતાના મંદિર પાસે સર્વિસ રોડ પર રિતેશ ઉર્ફે કાલુ (રહે., કડોદરા) નામનો ઈસમ એક થેલીમાં લઈને ઊભો છે અને તેની થેલીમાં કોપર વાયર છે. જે વેચાણ માટે જતો જવાનો હોવાની બાતમી મળતા કડોદરા જીઆઈડીસી પોલીસે તેને પકડી પૂછપરછ શરૂ કરી હતી. તેની પાસેના થેલામાં તપાસ કરતાં અંદર સળગાવીને છૂટા પડેલા કોપર વાયર હતા. જે બાબતે પૂછતાં તેણે ત્રણ દિવસ પહેલાં ક્રિષ્નાનગર ખાતે એક ગોડાઉનમાં ટેમ્પોની અંદરથી વાયરોનો ચોરી કરી તેને બાળી નાંખી અલગ કરેલા કોપર વાયર વેચાણ કરવા લઈ જતો હોવાનું સ્વીકાર્યું હતું. તેની પાસેથી ચોરીના પાંચ મોબાઈલ ફોન પણ મળી આવ્યા હતા. કડોદરા પોલીસે 6 ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. તેની પાસેથી 15 કિલો કોપર વાયર રૂ.12 હજાર, 5 મોબાઈલ કિં. રૂ.49 હજાર મળી કુલ 61 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ગણેશ સુગરના સ્થાપક ચેરમેન સ્વ.હરિસિંહ મહીડાની પુણ્યતિથિએ પ્રાર્થના સભા યોજાઈ



ભરૂચઃ ભરૂચ જિલ્લાની પહેલી શ્રકટરીના સ્થાપક ચેરમેન સ્વ.હરિસિંહ મહીડા (નાના)ની મંગળવારે 30મી પુણ્યતિથિએ સંસ્થામાં પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. જે પ્રસંગે સુગરના ચેરમેન મહેન્દ્રસિંહ મહીડા, વાઈસ ચેરમેન પુષ્પેન્દ્રસિંહ સુણવા, કસ્ટોડિયન કમિટીના સભ્ય જીતેન્દ્રસિંહ જાદવ, વાલિયા APMCના ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડા, માજી ડિરેક્ટર ધર્મેન્દ્રસિંહ મહીડા, ઈશ્વરસિંહ ખેર, સુગરના ઈનચાર્જ MD અમરસિંહ રણા સહિત ખેડૂત અગ્રણીઓ, સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. તમામ ઉપસ્થિત અગ્રણીઓએ સ્વ.હરિસિંહ મહિડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જે પ્રસંગે સ્વ.હરિસિંહ નાનાનાં સુપુત્ર અને સુગરના ચેરમેન મહેન્દ્રસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, તેઓ જે ક્ષેત્રમાં કઠોર કામ ઉપાડતા એને ચપટીમાં કામ પરિપૂર્ણ કરવાની તાકાત હતી. જેને લઈને આજે પણ આ વિસ્તારમાં ખેડૂતલક્ષી હોય કે, નવી પેઢી માટે શૈક્ષણિક ક્ષેત્રમાં તેઓ પોતાનો જીવ રેડી દેતા હતા. જેનો લાભ સૌ લઇ રહ્યા છે. આજે પણ તેઓના અમર આશીર્વાદ આ સંસ્થા પર મળી રહ્યા છે. સ્વ.હરિસિંહ નાનાના સુપુત્ર ધર્મેન્દ્રસિંહ મહીડાએ કહ્યું હતું કે, તેમનું જીવન એ સૌના માટે બોધપાઠ છે. વાલિયા APMCના ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, હરિસિંહ નાનાએ સ્થાપેલી સંસ્થા એ સ્થાનિક લોકો માટે ધરોહર બની ગઈ છે.

### કોસંબામાં શાંતિ સમિતિની મિટિંગ મળી



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ તાજેતરમાં મુસ્લિમ લોકોનો ઈદે મિલાદ અને હિન્દુઓનો ગણેશ પર્વ ચાલી રહ્યો છે. તાજેતરમાં બંને તહેવાર એકસાથે આવતાં મંગળવારે મોડી સાંજે કોસંબા પોલીસ મથકમાં પી.આઈ. ડી.એલ.ખાચરના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની મિટિંગ યોજાઇ હતી. બંને જ્ઞાતિના લોકોની અલગ અલગ સમયે યોજાયેલી મિટિંગમાં થાણા અમલદાર ખાચરે જણાવ્યું હતું કે, વિસ્તારના રોડ પર નીકળનારા જુલૂસ વખતે ટ્રાફિક પ્રશ્ન સર્જાય અથવા લો એન્ડ ઓર્ડર બાબતે પહોંચી વળવા પોલીસ સક્ષમ છે. બંને જ્ઞાતિના લોકોને ભાઈચારો અને શાંતિથી તહેવાર ઉજવવા અપીલ કરવામાં આવી હતી.

### માંડવીમાં કોંગ્રેસના નગર અને તાલુકાના નવા પ્રમુખની વરણી



હિતેશ પટેલ

માંડવીઃ સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા માંડવી તાલુકા અને નગર કોંગ્રેસ નવા વરાયેલા પ્રમુખ પદે વરણી કરવામાં આવી હતી, જેમાં માંડવી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદે સતીષભાઈ એન. ચૌધરીની નિયુક્તિ કરી હતી. જ્યારે નગર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદે મેહુલસિંહ એમ.ખેંગારની વરણી કરાતાં જિલ્લા પ્રમુખ આનંદભાઈ ચૌધરીએ પુષ્પહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### બારડોલી માહ્યાવંશી સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન



બારડોલીઃ બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળ દ્વારા રવિવારના રોજ તેજસ્વી તારલા સન્માન સમારોહ - ૨૦૨૫નું બાબેન ખાતે આવેલા સ્વ. રમણભાઈ સુખાભાઈ પરમાર સાંસ્કૃતિક ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ ૧૦ પાસ કરનાર વિદ્યાર્થીથી લઈ PhD સુધીની શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં મંડળના પ્રમુખ અને ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારની અધ્યક્ષતા હેઠળ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સુરત જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષ રોશનભાઈ પટેલ, પદ્માબેન કોસંબીયા, વિનોદભાઈ સોલંકી અને બારડોલી APMCના ડિરેક્ટર પ્રકાશ પટેલ, અલ્પેશ માહ્યાવંશી, અનિલભાઈ, મંડળના ઉપપ્રમુખ નિમેષ રાઠોડ, મંત્રી કિશોરભાઈ પરમાર હાજર રહ્યા હતા. ટ્રોફીઓનું વિતરણ મંડળના કારોબારી સભ્ય રામુભાઈ સુરતી અને પ્રભુભાઈ પરમારના સૌજન્યથી કરવામાં આવ્યું હતું.

### ભોલાવમાં સોસાયટીના ગેટ પર નામ લખવા મામલે વિવાદ

ભરૂચઃ ભોલાવના સિદ્ધિવિનાયક સોસાયટીના રહીશ અને હિંદુ ધર્મ સેનાના પ્રમુખ પ્રયાગરાજસિંહ વાંસિયાએ સોસાયટીના નવા ગેટ પર 'વાંસિયા પરિવાર' એવું લખ્યું હતું. આ લખાણના મુદ્દે સોસાયટીના અન્ય સભ્યોમાં નારાજગી ફેલાઈ હતી અને આ મુદ્દે ચર્ચા કરવા માટે એક મીટિંગ પણ બોલાવવામાં આવી હતી. જો કે, આ બાબતની રીસ રાખીને પ્રયાગરાજસિંહ વાંસિયા તેમના સાથીદારો ટોળું વળીને સોસાયટીના અન્ય એક રહીશ નિર્લિપ શાહના ઘરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે ધમાલ મચાવી હતી. ઘરની બહાર લગાવેલા સીસીટીવી કેમેરામાં આ ઘટના કેદ થઈ છે, જેમાં સ્પષ્ટ દેખાય છે કે આરોપીઓ દ્વારા ગાળાગાળી, ધક્કામુક્કી અને તોડફોડ કરવામાં આવી રહી છે. નિર્લિપ શાહે આ મામલે સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ દ્વારા હિંદુ ધર્મ સેનાના પ્રમુખ પ્રયાગરાજસિંહ વાંસિયા અને તેમના સાથીદારો વિરુદ્ધ રાયોટિંગ (હુલ્લડ) સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### અંકલેશ્વરના ભડકોદ્રા ગામે ટેમ્પોમાં મસાલાની આડમાં લઈ જવાતો 4.43 લાખનો ગાંજો ઝડપાયો

અંકલેશ્વરઃ ભરૂચ એસ.ઓ.જીના સ્ટાફને બાતમી મળી હતી કે ભડકોદ્રા ગામની અયોધ્યા નગર-1 સોસાયટીમાં રહેતા સુનિલ છેદી મોર્યાએ મસાલાની આડમાં થ્રી વહીલ ટેમ્પોમાં ગાંજાનો જથ્થો ભરેલ છે. પોલીસે દરોડા પાડી સ્થળ પરથી અજુફા વિમલ મુનક્કા વટી ભરેલા 199 નંગ પાઉચમાંથી 44.375 કિલો ગ્રામ ગાંજો તેમજ વાહન મળી કુલ 7.75 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જેની સાથે સુનિલ છેદી રામ કેતારે મોર્યા, દિલીપકુમાર શ્રીભીમસેન ઉર્ફે ઉડડી ઉધોરામ તિવારી, અંશુમાનસિંગ રાઘવેન્દ્ર પ્રતાપસિંગ રાજપૂત તેમજ રાજેન્દ્રકુમાર ધર્મીચંદ્ર લોહારને ઝડપી પાડ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### જોળવામાં બિલ્ડિંગના ત્રીજા માળેથી પટકાતાં યુવાનનું મોત

પલસાણાઃ જોળવા ગામની સીમમાં શક્તિ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં એક યુવાન રાજેન્દ્ર રામચંદ્ર ખડીયા (ઉ.વ.૨૮, મૂળ રહે. રાજસ્થાન) બિલ્ડિંગના ત્રીજા માળેથી અકસ્માતે નીચે પટકાયો હતો. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જેનું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું.

### ગોરાસામાં આધેડનો બીમારીથી કંટાળી આપઘાત

કુકરમુંડાઃ કુકરમુંડાના ગોરાસા ગામના રહેવાસી સુદામભાઇ દુલાભાઇ પાડવી (ઉ.વ.૫૪) ઘણાં વર્ષોથી બવાસીરની બીમારીથી પીડાતા હતા. જેઓએ અગમ્ય કારણોસર તા.૨/૯/૨૦૨૫ના રોજ બપોરે ઘરમાં લોખંડની એંગલ સાથે દોરી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

### યુવક કિશોરીનું અપહરણ કરી લાવ્યો ને મારપીટ કરી, તેના પિતા કિશોરીને ઘરે મૂકી આવ્યા

વાંકલઃ ઉમરપાડા તાલુકા મથકે 16 વર્ષીય કિશોરીનું અપહરણ કરી મારપીટ અને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના બનાવે ચકચાર મચાવી છે. કિશોરીના પિતાએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ઘોડબાર ગામના રાધેકુમાર રાજેશભાઈ ચૌધરીએ કિશોરીના ઘરમાં ઘૂસી જબરજસ્તી મોટરસાઇકલ ઉપર બેસાડી લઈ જઈ તેના મામાના ઘરે પૂરી રાખી મારપીટ કરી હતી અને ગાળો આપી ધમકી આપી હતી. બાદમાં રાધેનાં માતા-પિતા કિશોરીને ઘરે મૂકી આવ્યાં હતાં. ઉમરપાડા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં અજાણી બીમાર મહિલાનું મોત

બારડોલીઃ બારડોલીના જૂના બસ સ્ટેશન પાસે તા.૧૬/૮/૨૦૨૫ના રોજ એક અજાણી મહિલા (ઉ.વ.આશરે ૪૨)ને પગમાં સડો થતાં કોઈ રાહદારીએ બારડોલીની સરકારી હોસ્પિટલ પહોંચાડી હતી. ત્યાંથી સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તે ભાનમાં હોવા છતાં બોલી શકતી ન હતી. લાંબી સારવાર બાદ તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજ મોડી રાત્રે તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

### નવી પારડી નહેર નજીક ક્રોસિંગ ખોલતા જ ટ્રકની નીચે બાઈક આવી ગઈ



વિશાલ પટેલ

કામરેજઃ નવી પારડી ગામની હદમાં કાકરાપાર નહેર નજીક ક્રોસિંગ અકસ્માત તેમજ વધતા જતાં ટ્રાફિકના લઈને બંધ કરવામાં આવ્યું હતું. પરંતુ મંગળવારે સવારે ક્રોસિંગ ખોલતાની સાથે જ સાંજે એક ટ્રક નીચે બાઈક આવી જતાં અકસ્માત થયો હતો. પણ સદનસીબે બાઈક ચાલકને સામાન્ય ઈજા થઈ હતી.

## વાગરા પંચાયતનું તંત્ર નિષ્ક્રિય અને ભ્રષ્ટ! લોકોના ગંભીર આક્ષેપોથી ગ્રામસભા ગાજી

**વીજળી,** પાણી અને ટ્રાફિકની સમસ્યાઓ મુદ્દે જનતાનો ભારે રોષ, 'વિકાસ'ના દાવા પોકળ હોવાના આક્ષેપ



**'ગામમાં તમામ સુવિધા છે': ઢગલેબંધ ફરિયાદો વચ્ચે પ્રમુખનો દાવો**

આરોગ્ય કેન્દ્રમાં ગાયનેક ડોક્ટરનો અભાવ, તળાવની સફાઈનો અભાવ અને રમત-ગમતના મેદાનની અસુવિધા જેવી અનેક ફરિયાદો ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. આટલી બધી ફરિયાદો અને આક્ષેપો છતાં, પ્રમુખે દાવો કર્યો કે ગામમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. જો કે, ગ્રામજનોના સતત આક્રોશ બાદ, પોલીસ, GEB અને પંચાયતના પ્રમુખે સમસ્યાઓનો ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. પરંતુ ભૂતકાળના અનુભવો જોતાં, ગ્રામજનોનો તંત્ર પરનો વિશ્વાસ ઓછો થઈ ગયો હોવાનું લોકોએ જણાવ્યું હતું.

ભરૂચઃ વાગરા ગ્રામ પંચાયતમાં પ્રમુખ દક્ષાબેનના અધ્યક્ષસ્થાને ગ્રામસભા યોજવામાં આવી હતી. જેમાં પંચાયતની નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારના આક્ષેપોથી વાતાવરણ ગરમાયું હતું. સભામાં ખેડૂતોથી લઈને સામાન્ય નાગરિકો સુધીના દરેક વર્ગે વીજળી, પાણી, ટ્રાફિક અને અન્ય મુદ્દાઓ પર તંત્ર પર બેદરકારીના આક્ષેપ કર્યા હતા.

ગ્રામસભાની શરૂઆતમાં જ ખેડૂતોએ વીજળી વિભાગ સામે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે ખેતરોમાં પૂછ્યા વગર વીજપોલ નાંખી દઈ અતિક્રમણ કરે છે. સમયસર વીજળી નહીં મળવાને કારણે પાકને પણ મોટું નુકસાન થાય છે. આ ઉપરાંત, દિવસ દરમિયાન પણ ચાલુ રહેતી સ્ટ્રીટ લાઈટોના કારણે સરકારી નાણાંનો બેફામ વેડફાટ થતો હોવાનું જણાવવામાં આવ્યું હતું. વાગરા નગરની વધતી જતી ટ્રાફિક સમસ્યાને કારણે પણ લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. ગેરકાયદે બાંધકામોને કારણે રસ્તાઓ સાંકડા થઈ ગયા છે, જેનાથી વાહનચાલકો અને રાહદારીઓ બંને પરેશાન છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યો કે પોલીસ તંત્ર ફક્ત કાગળ પર જ સક્રિય છે.

ગ્રામસભામાં પાણીના મુદ્દે સૌથી વધુ ગરમાવો જોવા મળ્યો હતો. પાણીની સુવિધા માટે લાખો રૂપિયા ખર્ચાયા હોવા છતાં, નળમાંથી પાણી મળતું નથી. ગ્રામજનોએ 8 લાખ રૂપિયાનો વેડફાટ અને મંજૂરી વગર ઠરાવનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તલાટીએ એન્જિનિયર પર જવાબદારી ઢોળી હતી, પરંતુ ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું કે આ જવાબદારી માત્ર એન્જિનિયરની જ નહીં પરંતુ તલાટીની પણ છે.

## હવે વિકાસકામો ઉપર નજર મહુવામાં ખરાબ રસ્તા મરામત થશે

**ધારાસભ્ય** મોહનભાઈની રજૂઆતના પગલે 2104.20 લાખનાં કામોને મંજૂરી



અનાવલઃ મહુવા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય સતત પ્રયત્નશીલ રહી વિકાસનાં કામોને વેગ આપી રહ્યાં છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પંચાયત હસ્તકના સુરત-તાપી જિલ્લાના મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી પસાર થતાં ૭ વર્ષથી રિસર્ફેસ ન થયેલા હોય તેવા રસ્તા વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ ૩૭.૪૬ કિ.મી. લંબાઈના, રૂ.૨૧૦૪.૨૦ લાખની રકમનાં કુલ ૧૧ કામ મંજૂર કરી, જોબ નંબર આપવામાં આપી દેવામાં આવ્યા છે. આ અંગે આગળની પ્રક્રિયા હાથ ધરવા માટે સંબંધિત કાર્યપાલક ઈજનેરને સૂચના પણ આપવામાં આવી છે, જેમાં મહુવાના કવિઠા સેવાસણ રોડ લંબાઈ 3.20 કિ.મી. અંદાજિત રકમ 160 લાખ, કાની જોડ રાણત રોડ લંબાઈ 5 કિ.મી., રકમ 195.00 લાખ, કાની નિઝર રોડ લંબાઈ 3 કિ.મી. 110 લાખ, અમરોલી રાણત રોડ લંબાઈ 2.40 કિ.મી. કિં.96 લાખ, જ્યારે અન્ય તાપી અને સુરત જિલ્લાના મળી કુલ 2104.20 લાખનાં કામોને મંજૂરી મળતાં સ્થાનિકોમાં આનંદ છવાઈ ગયો હતો.

## ઉંભેળમાં જાહેરમાં તલવાર લઈ રોફ જમાવવાનું ભારે પડ્યું

કામરેજઃ કામરેજના ઉંભેળ ગામની હદમાં રોયલ એવન્યુ સોસાયટી સેન્ડમાર્ક સ્કૂલની બાજુમાં જાહેરમાં તલવાર લઈને એક ઈસમ રોફ જમાવી રહ્યો હોવાની માહિતી કામરેજ પોલીસને મળતાં સ્ટાફ સાથે ઉંભેળ માહિતીવાળી જગ્યાએ તપાસ કરતાં સુધિર અમરસીંગ રાજપૂત (ઉં.વ.37) (રહે.,ઘર નંબર 103, રોયલ એવન્યુ સોસાયટી) તલવાર લઈને ઊભો હોવાથી પોલીસે પકડી જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી યુવાનને સબક શીખવાડ્યો હતો.

## દઢાલ ગામમાં ઝેરી કેમિકલનો નહેરમાં નિકાલઃ પતિની ધરપકડ, પત્ની વોન્ટેડ



ભરૂચઃ અંકલેશ્વર રૂરલ પોલીસની હદમાં આવેલા દઢાલ ગામે પર્યાવરણને સીધી હાનિ પહોંચાડતો ગેરકાયદેસર કેમિકલ-બેરલ વોશનો ધંધો રંગે હાથ ઝડપાયો હતો. એલ.સી.બી. ભરૂચે અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલ ટીપના આધારે શ્રી હરિ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના પ્લોટ નં.F/20 પર 'આશાદીપ પેકેજિંગ ટ્રેડિંગ' નામની યુનિટમાં દરોડો પાડી ગોડાઉનમાં કેમિકલયુક્ત ડ્રમો વોશ કરી, તેમાંથી નીકળતા ઝેરી પાણીનું પાઈપલાઈન મારફતે જાહેર કેનાલમાં ગેરકાયદે સીધો નિકાલ કરાતો હોવાનો ભાંડાફોડ કર્યો હતો. તા.1-9-2025ના રોજ કરાયેલી આ કાર્યવાહી દરમિયાન ગોડાઉનમાં કેમિકલયુક્ત ડ્રમ-વોશિંગ ઓપરેટ થતું મળી આવ્યું હતું અને નિકાલની પાઈપ સીધી નજીકની કેનાલમાં જોડાયેલી જોવા મળી હતી. આરોપીને જીપીસીબી અથવા અન્ય અધિકૃત સંસ્થા પાસેથી મંજૂરી/પરમિટ રજૂ કરવાનું કહેતાં તેમણે કોઈ દસ્તાવેજ રજૂ કર્યા નહોતા. સાથે તાત્કાલિક જીપીસીબી તથા એફએસએલ અધિકારીઓને બોલાવી સ્થળ પરથી કેમિકલયુક્ત પાણીના સેમ્પલ વૈધાનિક રીતે કબજે કરવામાં આવ્યાં હતાં.

પોલીસે સંચાલક દિલીપભાઈ નાથાલાલ પટેલ (ઉં.વ.51) (રહે.,અંકલેશ્વર GIDC, મૂળ-બોકરવાડા, તા.વિસનગર, જિ.મહેસાણા)ની ધરપકડ કરી હતી. જ્યારે તેની પત્ની આશાબેનને પોલીસે વોન્ટેડ જાહેર કરી હતી. આ પ્રવૃત્તિની સપ્લાય-ચેઈન, બેરલોના સોર્સ અને નિકાલના નેટવર્ક સુધી પહોંચવાની દિશામાં એલ.સી.બી. ભરૂચે તપાસ હાથ ધરી છે.

## 'દૂધના ડાઘા' ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણીમાંઃ ભાજપ V/S ભાજપનો જંગ

**મેન્ડેટની** અવગણના કરી અરુણસિંહ રણાની પેનલ મેદાનમાં



ભરૂચઃ ભરૂચ અને નર્મદા જિલ્લાની શ્વેત ક્રાંતિના પ્રતીક સમાન દૂધધારા ડેરીની ચૂંટણી હવે સહકારી ક્ષેત્રની ચૂંટણી ઓછી અને ભાજપના આંતરિક સત્તા સંઘર્ષનું રાજકીય યુદ્ધ વધુ બની ગઈ છે. પ્રદેશ નેતૃત્વ દ્વારા જારી કરાયેલા મેન્ડેટને ખુલ્લો પડકાર ફેંકીને વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રણાએ પોતાની સંપૂર્ણ પેનલને મેદાનમાં ઉતારતાં ભાજપના શિસ્તબદ્ધ સંગઠનની પોલ ખુલ્લી પડી છે.

પક્ષના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે વર્તમાન ચેરમેન ઘનશ્યામ પટેલની પેનલના 12 ઉમેદવારને મેન્ડેટ આપી સત્તાનું સુકાન યથાવત રાખવાનો સ્પષ્ટ સંકેત આપ્યો હતો. જ્યારે અરુણસિંહ રણાની પેનલને માત્ર ત્રણ બેઠક પર જ મર્યાદિત કરી દેવાઈ હતી. પરંતુ આ નિર્ણયને ધરાર અવગણના કરવામાં આવી છે. તેમની જાહેરાત કે, 'અમારી પેનલના તમામ 15 ઉમેદવાર ભાજપના સૈનિક છે અને નૈતિકતાના આધારે ચૂંટણી લડશે,' એ પક્ષના આદેશનું સીધું ઉલ્લંઘન થયું છે.

આ રાજકીય દંગલમાં પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ પણ અપક્ષ પેનલ ઉતારીને પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે. ભલે તેમણે ઘનશ્યામ પટેલને સમર્થન જાહેર કર્યું હોય, પરંતુ તેમના ઉમેદવારોનું પ્રદર્શન ડેરીનાં પરિણામોને અસર કરી શકે છે. આ તરફ અરુણસિંહ રણાની પેનલના સભ્ય પ્રકાશ દેસાઈએ ડેરીની ચૂંટણીમાં જીત બાદ તાલુકા પંચાયતના સભ્યપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરીને આ લડાઈને વધુ ગંભીરતા આપી છે. આ નિવેદન દર્શાવે છે કે આ ચૂંટણી ફક્ત ડેરીના હોદ્દાઓ પૂરતી સીમિત નથી, પરંતુ વ્યક્તિગત પ્રતિષ્ઠા અને રાજકીય વર્ચસ્વનો પણ પ્રશ્ન છે. હવે જ્યારે બંને પેનલનાં ફોર્મ માન્ય રાખવામાં આવ્યાં છે, ત્યારે ખરી લડાઈનો પ્રારંભ થશે. આ ચૂંટણીમાં ખરાખરીનો જંગ થશે એમાં નવાઈ નહીં.

## ખાડાનો વિકાસ, પ્રજાને ત્રાસઃ કોસંબા ગામની ભાગોળે ભમતું મોત

**બિરલા** જતા માર્ગ પર ખાડાઓમાં વરસાદી પાણી ભરાય ત્યારે વાહનચાલકોની મુશ્કેલી બેવડાય છે, અકસ્માતનો સતત ભય



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબાથી બિરલા કંપની થઈને હાંસોટને જોડતા માર્ગ પર કોસંબા ગામની ભાગોળે પેટ્રોલ પંપની પાસે મસમોટા ખાડા પડતા અને માર્ગ પર કપચી વેરણ છેરણ થઈ જતાં વાહનચાલકો અકસ્માતની દહેશત સાથે ભયભીત બન્યા છે.

આ માર્ગ નજીક મોટી મોટી પીજીપી ન્યુટલ ગ્લાસ, પ્રગતિ ગ્લાસ, હંસા ડેકો. અને બિરલા જેવી કંપની કાર્યરત છે. રાત દિવસ માલવાહક મોટા લોડિંગ વાહનો દોડે છે. આ ટ્રાફિક વચ્ચે સ્થાનિક નાના વાહનચાલકો ઉપરોક્ત કંપનીઓમાં નોકરી પર આવજા કરે છે અને હાંસોટ સુધીના ગામડાઓની જનતા પણ નાના વાહનો પર આ માર્ગ પરથી પસાર થાય છે. ત્યારે માર્ગ પર પડેલા મોટા ખાડાઓને કારણે અકસ્માતની દહેશત સાથે વાહનચાલકો પસાર થાય છે. જ્યારે આ માર્ગ પર વરસાદ પડે અને ખાડાઓમાં પાણી ભરાય ત્યારે ખાડાઓનો વાહનચાલકોને ખ્યાલ આવતો નથી અને ખાડાઓમાં વાહન ચાલકો પટકાઈ રહ્યા છે. એકલ દોકલ અકસ્માતમાં લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. જવાબદાર તંત્રના અધિકારીઓ કોઈ ગંભીર અને જીવલેણ અકસ્માત સર્જાય તે પહેલા અંત્યંત બીસ્માર બનેલા માર્ગની મરામત કરીને ભયભીત બનેલા વાહનચાલકોને ભયમુક્ત કરે એવી વિસ્તારને પ્રજાની માંગણી છે.


Milano MULTIPLEX

બારડોલી

| | |
|---|---|
| Param Sundari | 10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm |
| Vash Level 2-Gujarati | 11:00am, 03:00pm, 09:30pm |
| Bachu Ni Benpani-Gujarati | 12:00pm, 06:00pm, 09:00pm |
| War 2 | 05:30pm |
| Coolie | 02:00pm |

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333



:: મોજે-ઈશનપોર, તા.બારડોલી, જી.સુરતના બ્લોક નંબર 33/૧ વાળી ખેતીની જમીન વેચાણ બાબતેની જાહેર નોટીસ ::

મોજે-ઈશનપોર, તા.બારડોલી, જી.સુરતના બ્લોક નંબર ૩૩/૧, ૨.સ.ન.૨૪/૧, ૨૪/૨ ક્ષે.જરાયત હે.૦-૩૬-૩૯ ચો.મી. આકાર રૂા.૪.૭૬ પૈસા વાળી ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની ખેતીની જમીન તેના માલિકો પલ્લવીબેન તે વિપુલભાઈ ઠાકોરભાઈ પટેલની પત્ની, રહે. વલણ, તા.કામરેજ, જી.સુરતનાઓની પાસેથી હમારા અસીલે વેચાણ રાખવાનુ નક્કી કરેલ છે. સદરહુ જમીન ઉપર જો કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધસરકારી સંસ્થાનો કે અન્ય કોઈપણનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિત કે હિસ્સો, કબજો, ભાગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭મા લેખીત પુરાવા સાથે રૂબરૂમા હમોને જાણ કરવી. જો તેમ કરવામાં લાગતા વળગતા કસુર કરશે તો સમયમર્યાદા બાદ આવેલા કોઈપણ પ્રકારના દાવા તેમજ હક્કોને જતા કરેલા યાને સરન્ડર કરેલા ગણવામા આવશે. ત્યારબાદ કોઈપણની કોઈપણ તર તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. અને જે અંગે હમારા અસીલશ્રીની કોઈ જવાબદારી ઉપસ્થિત થશે નહી. આ નોટીસમા જણાવેલ સમયમર્યાદા બાદ મજકુર ખેતી વિષયક જમીનનો યોગ્ય અવેજ આપી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ અમારા અસીલશ્રીનાઓ વેચાણ આપનારાઓ પાસેથી કરાવી લેશે જેની આ જાહેર નોટીસ થકી જાહેર જનતા નોધ લેશોજી.

તા.૦૩/૦૯/૨૦૨૫

નિમેષ એન.રાઠોડ

તે ખરીદનારના એડવોકેટ

"કી-કન્સલ્ટન્સી" ૨૩ ઉપવન ગેટની બાજુમા, તલાવડી, બારડોલી, તા.બારડોલી, જી.સુરત

મો.નં. ૯૪૨૬૬ ૨૨૬૮૫